©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. LXVII] WEDNESDAY, 15th JULY, 2026/ASHADHA 24, 1948 [No. 5410

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation

PART-II EXTRAORDINARY

અધિસુચના

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ,૧૯૭૬

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો, ૧૯૭૯

(જુઓ નિયમ ૨૬ (૯))

નગર રચના યોજના નં. ૪૧૪ (કઠવાડા)

આખરી યોજના

ક્રમાંક : ન.ર.યો./નં.૪૧૪(કઠવાડા)/આખરી/ગેજેટ પ્રિસિધ્ધિ/જનરલ/૧૭૦૪.–ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ ની કલમ-૫૨ ની પેટા કલમ-૩ અને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો, ૧૯૭૯ ના નિયમ-૨૬(૯) માં જોગવાઈ કર્યા પ્રમાણે નગર રચના અધિકારી તરીકે નગર રચના યોજના નં. ૪૧૪(કઠવાડા)ની આખરી યોજનાના મારા નિર્ણયો તા. ૧૦-૦૭-૨૦૨૬ ના શુક્રવારના રોજ જાહેર કરેલ છે.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ ની કલમ ૫૪ હેઠળ આવશ્યક છે એ મુજબ નગર રચના યોજનામાં સમાવિષ્ટ કરેલ જમીનોના દરેક માલિકને તેમની મિલ્કત અંગે નગર રચના અધિકારી તરીકેના મારા નિર્ણયોના ઉતારા "નમૂના-૬" ની નકલ મોકલવામાં આવી રહી છે. ઉપરોક્ત નિર્ણયોથી નારાજ થયેલ કોઈ વ્યકિત, અપીલ બોર્ડ સમક્ષ અપીલ થઈ શકે તેવા નિર્ણયોની બાબતમાં મે.પ્રમુખશ્રી, રાજ્ય કક્ષાના બોર્ડ ઓફ અપીલ, C/o : મુખ્ય નગર નિયોજક શ્રી ની કચેરી, સેન્ટ ઝેવિયર્સ સ્કુલની સામે, ચ-૩ ક્રોસ રોડ, સેકટર-૧૦-એ, ગાંધીનગરને મારા નિર્ણયની નકલ મળ્યેથી એક માસમાં અપીલ મેમોરેન્ડમની ત્રણ નકલો સહિત અપીલ કરી શકશે અને અપીલ મેમોરેન્ડમની મુળ નકલ ઉપર જરૂરી કોર્ટ ફી સ્ટેમ્પ ચોંટાડવો જોઈશે.

ઉપર દર્શાવેલ યોજનાની સઘળી માહિતી, નિર્ણયો અને નકશાઓ રજાના દિવસો સિવાયના તમામ દિવસોએ કચેરી સમય દરમિયાન નગર રચના અધિકારીની કચેરીમાં જોવા માટે મળી શકશે અને યોજના સમજાવવા માટે જરૂરી વ્યવસ્થા કરવામાં આવી છે.

તા. ૧૦-૦૭-૨૦૨૬
સ્થળ : અમદાવાદ

સહી/- અવાચ્ય
નગર રચના અધિકારી અને
નગર નિયોજક-૨
અમદાવાદ નગર રચના યોજના એકમ-૩
અમદાવાદ

કચેરીનું સરનામુ :

નગર રચના અધિકારીશ્રીની કચેરી,
અમદાવાદ નગર રચના યોજના એકમ-૩,
૪૦૬, ત્રીજો માળ, શ્યામજી કૃષ્ણવર્મા રમત ગમત,
સાંસ્કૃતિક અને વાણીજ્ય ભવન,
ન્યુ કલોથ માર્કેટની સામે, રાયપુર,
અમદાવાદ-૩૮૦૦૦૨.

Signature Not Verified
Signed by : PATEL JAYESHKUMAR RAGHUNATHBHAI
Manager
Government Press & Stationery, Rajkot
Date : 2026.07.17 15:10:11 IST